# મોરા તળાવમાં ફરી માછલીઓના મોત

**ગટરનું** પ્રદૂષિત પાણી છોડાતા તળાવમાં મૃત માછલીઓના ઢગલા

**ગ્રામવાસીઓની** આ ઘટના પાછળ તપાસની માંગ ઉગ્ર બની રહી છે



સુરતઃ સુરત જિલ્લાના મોરા ગામ ખાતે આવેલા તળાવમાં ફરી એક વખત અસંખ્ય માછલીઓના મોતની ઘટના સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં તળાવની સપાટી પર મોટી સંખ્યામાં મૃત માછલીઓ તરતી જોવા મળી રહી છે, જેના કારણે પર્યાવરણ અને જળ પ્રદૂષણને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ મોરા ગામના તળાવમાં આ પ્રકારની ઘટના પહેલીવાર નથી બની. અગાઉ પણ અનેક વખત તળાવમાં માછલીઓના સામૂહિક મોત નોંધાયા હતા. દર વખતે ગટરનું પ્રદૂષિત પાણી તળાવમાં છોડાતા પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતું હોવાનું માનવામાં આવે છે, જેના કારણે જળચર જીવન પર ગંભીર અસર થાય છે.

આ મામલો અગાઉ એટલો ગંભીર બન્યો હતો કે એનજીટી દ્વારા પણ સંબંધિત તંત્રને ટકોર કરવામાં આવી હતી અને પ્રદૂષણ નિયંત્રણ માટે જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. સ્થાનિકોમાં ચર્ચા ચાલી રહી છે કે અગાઉ મોરા પંચાયત દ્વારા ગટરનું પાણી દામકા વિસ્તારમાં છોડવામાં આવતું હતું, પરંતુ આ વખતે સીધું તળાવમાં પાણી છોડાયું હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે.

જોકે હાલ માછલીઓના મોતનું ચોક્કસ કારણ શું છે તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે. સ્થાનિકોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે તળાવની આસપાસ કેટલીક કંપનીઓની કોલોની આવેલી છે. આવી સ્થિતિમાં કોઈ ઔદ્યોગિક કે કેમિકલ યુક્ત પાણી તળાવમાં છોડાયું છે કે નહીં તેની પણ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે. સ્થાનિકોએ તાત્કાલિક પાણીના નમૂનાઓ લઈ વૈજ્ઞાનિક તપાસ કરવાની તેમજ જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

**પશુધન પર જોખમથી ગ્રામજનોમાં રોષ;**

## પાસોદરાની ખાડીમાં કેમિકલ છોડાતા સંખ્યાબંધ માછલીનાં મોત

સુરત : સુરતના છેવાડે આવેલા પાસોદરા ગામમાં રાત્રિના અંધકારમાં અજાણ્યા શખ્સો દ્વારા ખાડીમાં ઝેરી કેમિકલયુક્ત પ્રવાહી છોડવામાં આવતાં મોટી સંખ્યામાં માછલીઓના મોત નિપજતા ભારે ચકચાર મચી ગઈ છે. ગામના પ્રખ્યાત ચેહર માતા મંદિર પાછળથી પસાર થતી ખાડીમાં વહેલી સવારે પાણીનો રંગ બદલાયેલો જોવા મળ્યો હતો, જ્યારે પાણીની સપાટી પર મોટી સંખ્યામાં મૃત માછલીઓ તરતી જોવા મળતાં ગ્રામજનો દોડી આવ્યા હતા. ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ આસપાસના વિસ્તારમાં મોટી સંખ્યામાં પશુપાલકો રહે છે અને દરરોજ ગાય-ભેંસો આ વિસ્તારમાં ચરવા આવે છે. ઝેરી પાણીના કારણે પશુધનના જીવ પર પણ જોખમ ઊભું થયું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે કોઈ ફેક્ટરીનું પ્રદૂષિત પાણી અથવા ટેન્કર મારફતે કેમિકલ ખાડીમાં ઠાલવવામાં આવ્યું હોઈ શકે છે. માછલીઓના જથ્થાબંધ મોત બાદ સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ જતાં લોકોમાં ભય અને ફફડાટનો માહોલ સર્જાયો છે. સ્થાનિકોએ આસપાસના CCTV કેમેરાની તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ગ્રામજનોના મતે આવી ઘટનાઓ અગાઉ પણ બની ચૂકી છે, પરંતુ આ વખતે માછલીઓના મોતે સમગ્ર મામલો ખુલ્લો પાડી દીધો છે. ઘટનાની જાણ થતાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાના સૂચનાથી કોર્પોરેટર સુરેશ ઘામેલિયા, વિશાલ રાઠોડ, મીતાબેન મકવાણા અને કાવ્યાબેન પટેલ સહિતના તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (GPCB), પોલીસ અને આરોગ્ય વિભાગને જાણ કરી તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. સ્થાનિકોએ જવાબદારોને ઝડપીને કડક સજા કરવાની માંગ ઉઠાવી છે.

# યુપી-બિહાર જવા માટે ઉધનાથી ત્રણ-ત્રણ સ્પેશિયલ ટ્રેન ઉપડશે



**આ** ત્રણ ટ્રેઈનમાં ઉધનાથી મધુબની, ઉધનાથી ઝંઝારપુર અને ઉધનાથી જયનગરની ટ્રેનનો સમાવેશ

સુરત: હાલના ઉનાળું વેકેશનમાં યુપી અને બિહારના પ્રવાસીઓનું વેઈટિંગ લિસ્ટ લાંબુ થઈ જતાં પશ્ચિમ રેલવે દ્વારા ઉધનાથી યુપી અને બિહારની ત્રણ સ્પે. અનરિઝર્વડ ટ્રેન દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ત્રણ ટ્રેનમાં ઉધનાથી મધુબની, ઉધનાથી બિહારના ઝંઝારપુર અને ઉધનાથી બિહારના જયનગરની ટ્રેનનો સમાવેશ થાય છે.

### ઉધનાથી મધુબની ટ્રેનનો સમય અને સ્ટેશન

આ ટ્રેન આગામી તા. 17મી મેના રોજ ઉધનાથી મધરાત્રે 1-30 કલાકે ઉપડી બીજા દિવસે બપોરે 4 કલાકે મધુબની પહોંચશે. જ્યારે બીજા દિવસે મધુબનીથી સાંજે 6 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે 11-30 કલાકે સુરત આવશે. આ ટ્રેનના મહત્વના સ્ટેશનોમાં સાયણ, ભરૂચ, વડોદરા, દાહોદ અને રતલામ, કોટા, સવાઈ માધોપુર જંક્શન, ગંગાપુર સિટી અને બયાના જંક્શન, ઈદગાહ, આગ્રા, ટુંડલા જંક્શન, કાનપુર સેન્ટ્રલ, માનકનગર, લખનૌ ચારબાગ જંક્શન, ગોંડા, બસ્તી જંક્શન અને ગોરખપુર.નરકટિયાગંજ જંક્શન, રક્સૌલ જંક્શન, સીતામઢી જંક્શન, શીશો જંક્શન અને સકરી જંક્શનનો સમાવેશ થાય છે.

### ઉધનાથી ઝંઝારપુર ટ્રેનનો સમય અને સ્ટેશન

આ ટ્રેન રવિવારે તા.17મી મેના રોજ સવારે 5 કલાકે ઉધનાથી ઉપડશે અને બીજા દિવસે રાત્રે 7 વાગ્યે ઝંઝારપુર પહોંચશે. વળતી દિશામાં ટ્રેન સોમવારે રાત્રે 12 કલાકે ઝંઝારપુરથી ઉપડશે અને બીજા દિવસે બપોરે 12:55 કલાકે ઉધના સ્ટેશન પર પરત ફરશે. ટ્રેનના સ્ટોપેજમાં સાયણ, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, કોટા, સવાઈ માધોપુર જંક્શન, ગંગાપુર સિટી અને બયાના જંક્શન, ઈદગાહ આગ્રા, ટુંડલા જંક્શન, કાનપુર સેન્ટ્રલ, માનકનગર, લખનૌ ચારબાગ જંક્શન, ગોંડા, બસ્તી જંક્શન અને ગોરખપુર.,નરકટિયાગંજ જંક્શન, રક્સૌલ જંક્શન, સીતામઢી જંક્શન, શીશો જંક્શન અને સકરી જંક્શન થોભશે.

### ઉધનાથી જયનગર ટ્રેનનો સમય અને સ્ટેશન

આ ટ્રેન ઉધનાથી 16મી મેના રોજ રાત્રે 11-30 કલાકે ઉપડશે અને બીજા દિવસે બપોરે 13-30 કલાકે જયનગર પહોંચશે. બીજા દિવસે આ ટ્રેન જયનગરથી બપોરે 3 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે 7-46 કલાકે ઉધ્ના પહોંચશે. આ ટ્રેન સાયણ, ભરૂચ અને વડોદરા (ગુજરાત) દાહોદ અને રતલામ,કોટા, સવાઈ માધોપુર જંક્શન, ગંગાપુર સિટી અને બયાના જંક્શન. ઈદગાહ આગ્રા, ટુંડલા જંક્શન, કાનપુર સેન્ટ્રલ અને, લખનૌ ચારબાગ જંક્શન, ગોંડા, બસ્તી જંક્શન અને ગોરખપુર, નરકટિયાગંજ જંક્શન, રક્સૌલ જંક્શન, સીતામઢી જંક્શન, શીશો જંક્શન, સકરી જંક્શન અને મધુબની જંક્શન સ્ટેશને થોભશે.

# CBIનો ચીફ બની રૂપિયા 1.47 કરોડનો ખેલ કરનાર ઝડપાયો

**મુંબઈ** સાયબર ક્રાઈમ અને CBIના નામે વેપારીને ડરાવી લાખો પડાવ્યા

**સુરત** સાયબર સેલનું અમદાવાદમાં ઓપરેશન

**આધારકાર્ડના** દુરુપયોગ અને મની લોન્ડરિંગના કેસમાં ફસાવવાની ધમકી

**નકલી** લેટરપેડ બતાવી ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા

### કરોડોના ટ્રાન્ઝેક્શન અને 12 રાજ્યોમાં છેતરપિંડીના સગડ

ડિજિટલ અરેસ્ટના હાઈપ્રોફાઈલ કેસમાં પકડાયેલા આરોપી ઉર્જિત સચ્ચિત કવિની ભૂમિકા તપાસમાં અત્યંત મહત્વની સાબિત થઈ છે. આરોપીના અમદાવાદ સ્થિત ICICI બેંકના ખાતાનો (A/C: 403105000852) ઉપયોગ 'ફર્સ્ટ લેયર' તરીકે કરવામાં આવ્યો હતો,જેમાં ફરિયાદીના રૂ. 38 લાખ સીધા ટ્રાન્સફર થયા હતા. આશ્ચર્યજનક રીતે, આ એક જ બેંક ખાતામાં અત્યાર સુધીમાં કુલ રૂ. 2,84,93,628/- ના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનો મળી આવ્યા છે. સાયબર પોલીસે NCCRP પોર્ટલ પર તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આ બેંક એકાઉન્ટ વિરુદ્ધ દેશના અલગ-અલગ 12 રાજ્યોમાં સાયબર ક્રાઈમની ફરિયાદો નોંધાયેલી છે. આમ, આરોપી મોટા પાયે સાયબર ઠગાઈના નાણાં સગેવગે કરવાનું નેટવર્ક ચલાવતો હોવાનું ખુલ્લું પડ્યું છે.

### દિલ્હી-રાજસ્થાન સુધી ઠગાઈનું નેટવર્ક

સાયબર ક્રાઈમમાં પકડાયેલો આરોપી ઉર્જિત કવિ રીઢો ગુનેગાર હોવાનું બહાર આવ્યું છે.આરોપી વિરુદ્ધ અમદાવાદના ચાંદખેડા અને ગાંધીનગરના ઇન્ફોસિટી પોલીસ મથકમાં વર્ષ 2026માં છેતરપિંડી અને વિશ્વાસઘાત (BNS 318(4), 316) ના ગંભીર ગુના નોંધાયા છે. એટલું જ નહીં, તેની ઠગાઈના તાર છેક દિલ્હી સ્પેશિયલ સેલ અને રાજસ્થાનના કોટા સીટી સાયબર ક્રાઈમ સુધી જોડાયેલા છે, જ્યાં તેની સામે આઈટી એક્ટ અને છેતરપિંડીના ગુના દાખલ થયેલ છે. અગાઉ વર્ષ 2018માં વડોદરાના છાણી પોલીસ મથકે પણ આરોપી વિરુદ્ધ દસ્તાવેજોમાં છેડછાડ અને ફોર્જરી (IPC 465, 468) નો ગુનો નોંધાયો હતો. આમ, ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ તે અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચઢી ચૂક્યો છે.

સુરત : શહેર સાયબર ક્રાઈમ સેલે ડિજિટલ એરેસ્ટના નામે કરોડોની છેતરપિંડી આચરતી ટોળકીના એક સાગરીતને અમદાવાદથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ફરિયાદીના આઈડી પ્રૂફનો ઉપયોગ નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં થયો હોવાનું કહી, CBI ચીફ અને સાયબર વિભાગના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી ભેજાબાજોએ કુલ રૂ. 1,47,88,100/- ની રકમ ઓનલાઈન પડાવી લીધી હતી. આ હાઈપ્રોફાઈલ કેસમાં સુરત પોલીસે ટેકનિકલ વર્કઆઉટના આધારે અમદાવાદના ગોતા વિસ્તારમાંથી આરોપીને ઝડપી લીધો છે.

ભોગ બનનાર ફરિયાદીને એક અજાણી મહિલાએ ફોન કરી મુંબઈ સાયબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટમાંથી વાત કરતી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ, ટોળકીના અન્ય સભ્યોએ પોતાની ઓળખ CBI હેડ સતીષ નિકમ અને CBI ચીફ આકાશ ફુલહરી તરીકે આપી હતી. ઠગોએ એવી વાર્તા ઘડી હતી કે, તમારા [Aadhaar Redacted] પરથી સીમકાર્ડ ખરીદાયું છે અને તેનો ઉપયોગ મની લોન્ડરિંગ તેમજ સરકાર વિરોધી આપત્તિજનક મેસેજ મોકલવામાં થયો છે." ઠગ ટોળકીએ ફરિયાદીને વિશ્વાસમાં લેવા માટે વોટ્સએપ પર મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાંચના બનાવટી લેટરો મોકલ્યા હતા. ફરિયાદીને એવું કહીને ડરાવવામાં આવ્યા હતા કે તેઓ 'ડિજિટલ એરેસ્ટ' હેઠળ છે અને મુંબઈ આવવું પડશે. ધરપકડથી બચવા અને બેંક એકાઉન્ટ વેરિફાય કરવાના બહાને ફરિયાદી પાસેથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. 1.47 કરોડથી વધુની રકમ પડાવી લેવામાં આવી હતી. આ ઘટનામાં સાયબર ક્રાઈમના પી.આઈ. વી.ડી. મંડોરા અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બેંક એકાઉન્ટની વિગતોના આધારે અમદાવાદના ગોતા વિસ્તારમાં જગતપુર ખાતે આવેલ 'સેવી સ્વરાજ-1' માં રહેતા 37 વર્ષીય ઉર્જાત સચ્ચિત આનંદ કવિની સંડોવણી બહાર આવી હતી. સુરત પોલીસે અમદાવાદમાં દરોડો પાડી આરોપીને ઝડપી પાડ્યો છે. હાલ પોલીસ આ ટોળકીના અન્ય સભ્યો અને નાણાંના ટ્રેલ અંગે ઊંડી તપાસ કરી રહી છે.

# SIRની કામગીરી કરનાર શિક્ષકોને વસતી ગણતરીમાંથી મુક્તિ આપો

**સુરત** શહેર જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ દ્વારા વસ્તી ગણતરી અધિકારીને રજૂઆત

સુરત : સુરત શહેર જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ દ્વારા વસ્તી ગણતરી અધિકારી, સુરતને લેખિત રજૂઆત કરી નવેમ્બર-2025થી ફેબ્રુઆરી-2026 દરમિયાન એસ.આઈ.આર. કામગીરીમાં સતત ચાર મહિના સુધી ફરજ બજાવનાર શિક્ષકોને વસતી ગણતરી-2026ની કામગીરીમાંથી મુક્તિ આપવા માંગ કરવામાં આવી છે.

સંઘ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલી એસ.આઈ. આર. જેવી મહત્વપૂર્ણ કામગીરીમાં શિક્ષકોએ પોતાની નિયમિત શૈક્ષણિક ફરજો સાથે વધારાની સરકારી જવાબદારીઓ પણ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. સતત ચાર મહિના સુધી ચાલેલી કામગીરીના કારણે શિક્ષકો પર માનસિક, શારીરિક તેમજ શૈક્ષણિક કાર્યનો ભારે બોજો આવ્યો હતો. તેની અસર શાળાકીય શિક્ષણકાર્ય પર પણ અનુભવાઈ હોવાનું રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે શિક્ષકોએ સરકારની સૂચનાઓને પ્રાથમિકતા આપી સંપૂર્ણ સહકાર આપ્યો હતો. તેમ છતાં હવે ફરી વસતી ગણતરી-2026 જેવી વિશાળ અને લાંબા સમયગાળાની કામગીરીમાં પણ શિક્ષકોને જોડવામાં આવતા શિક્ષકોમાં ચિંતા વ્યાપી રહી છે. ખાસ કરીને અગાઉ એસ.આઈ. આર. કામગીરીમાં સતત ફરજ બજાવનાર શિક્ષકો માટે આ વધારાની જવાબદારી વધુ મુશ્કેલ બની શકે તેવી દલીલ કરવામાં આવી છે. સુરત શહેર જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘે રજૂઆતમાં જણાવ્યું છે કે શિક્ષકોનું મુખ્ય કાર્ય શિક્ષણ આપવાનું હોવાથી વારંવારની બિનશૈક્ષણિક કામગીરીના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર પણ અસર થવાની શક્યતા વધી રહી છે. આ રજૂઆત સંઘના પ્રમુખ લીના દેસાઈ અને મહામંત્રી ડો. પ્રશાંત પંડ્યાના હસ્તાક્ષર સાથે કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સાથે જ શિક્ષકોના હિતને ધ્યાનમાં રાખી વહીવટી તંત્ર દ્વારા સહાનુભૂતિપૂર્ણ અને અનુકૂળ નિર્ણય લેવામાં આવશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી છે.

# સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના કાર લોનના ડિફોલ્ટરને એક-એક વર્ષની સજા

**વાહન** લોનના બે ચેક બાઉન્સ થતાં 1-1 વર્ષની કેદ, રૂા.12.62 લાખથી વધુની ચૂકવવાનો હુકમ

સુરતઃ ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લી.ની કોસંબા શાખામાંથી લેવામાં આવેલી વાહન લોનની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ રહેલા ડિફોલ્ટરને માંગરોળ કોર્ટે કસુરવાર ઠેરવી ૧-૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. સાથે જ ચેકની કુલ રકમ રૂા. ૧૨,૬૨,૩૨૪ વળતર તરીકે બે માસની અંદર ચૂકવવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે. વળતર નહીં ચૂકવે તો વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવાની રહેશે.

મળતી વિગતો મુજબ હથુરણ (નવાપરા), તા. માંગરોળ, જી. સુરતના રહેવાસી ગુલામહુશેન યુસુફ ભૈયાતે ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લી.ની કોસંબા શાખામાંથી બે અલગ અલગ વાહન લોન લીધી હતી. જેમાં તા. ૦૭/૦૧/૨૦૧૭ના રોજ રૂા. ૯,૦૦,૦૦૦ની અર્ટીગા કાર માટે તથા તા. ૧૯/૦૮/૨૦૧૬ના રોજ રૂા. ૩,૮૫,૦૦૦ની ઈકો કાર માટે લોન મંજૂર કરવામાં આવી હતી. પરંતુ બંને લોનના માસિક હપ્તાની નિયમિત ચુકવણી કરવામાં આરોપી નિષ્ફળ રહ્યો હતો.

લાંબા સમય સુધી લોન ખાતા અનિયમિત રહેતાં બેંક દ્વારા નોટિસો પાઠવવામાં આવી હતી. ત્યારબાદ આરોપીએ તા. ૧૫/૧૨/૨૦૨૨ના રોજ બેંક ઓફ બરોડાના રૂા. ૧૦,૫૭,૦૬૮ તથા રૂા. ૨,૦૫,૨૫૬ના બે ચેક લોનની ભરપાઈ પેટે આપ્યા હતા.

જોકે બંને ચેક બેંકમાં રજૂ કરતાં "ફંડ ઈનસફિશિયન્ટ"ના શેરા સાથે પરત ફર્યા હતા. ત્યાર બાદ બેંક દ્વારા એડવોકેટ મારફતે કાનૂની નોટિસ પાઠવવામાં આવી હતી. તેમ છતાં આરોપીએ ચુકવણી નહીં કરતાં ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લી.ની કોસંબા શાખાના મેનેજર અફસલ યાકુબભાઈ શેખ મારફતે માંગરોળ કોર્ટમાં બે ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા હતા. કેસની સુનાવણી દરમિયાન શાખા મેનેજરની જુબાની તેમજ બેંક તરફથી એડવોકેટ ભગવતીભાઈ પી. પટેલની દલીલો સાંભળ્યા બાદ સુરતની માંગરોળ કોર્ટના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે ગુલામહુશેન યુસુફ ભૈયાતને દોષિત ઠેરવ્યો હતો.

કોર્ટે આરોપીને બંને કેસમાં ૧-૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. ઉપરાંત ચેકની રકમ મુજબ રૂા. ૧૦,૫૭,૦૬૮ તથા રૂા. ૨,૦૫,૨૫૬ એમ કુલ રૂા. ૧૨,૬૨,૩૨૪ વળતર પેટે બે માસમાં ચૂકવવાનો હુકમ કર્યો છે.

જો આરોપી વળતરની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ જશે તો વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવાની રહેશે.

# સચિન ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીની નવી ઓફિસ અંતિમ તબક્કામાં

**શાંતિ** ઓમ વિધિ સાથે પ્રથમ કારોબારી બેઠક યોજાઈ, દિવાળી સુધી નવી કચેરી કાર્યરત થવાની સંભાવના



સુરત : સચિન જીઆઈડીસી ખાતે સચિન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ સોસાયટીની નવનિર્માણાધિન ઓફિસ બિલ્ડીંગ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. ગત તા.9 મે-2026ના રોજ નવી ઓફિસના પ્રથમ માળે શાંતિ ઓમ વિધિ યોજાઈ હતી, જેમાં ઉદ્યોગ આગેવાનો અને સોસાયટીના હોદ્દેદારોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પરિવર્તન પેનલ સત્તામાં આવ્યા બાદ આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરાયો હતો અને અંદાજે બે કરોડથી વધુના ખર્ચે માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં ઈમારતને અંતિમ તબક્કામાં પહોંચાડવામાં આવી છે. ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બેંક શરૂ કરાવી સોસાયટીને ભાડાની આવકનું સ્ત્રોત પણ ઉભું કરવામાં આવ્યું છે. શાંતિ ઓમ વિધિ દરમિયાન કુંભઘડો દીકરીઓ ધૈર્યા, નીવા અને શ્રીવાના વરદ હસ્તે સ્થાપિત કરવામાં આવ્યો હતો. પૂર્વ નોટીફાઈડ ચેરમેન મિતુલ મહેતા, હાલના નોટીફાઈડ ચેરમેન નીલેશ ગામી અને સેક્રેટરી મયૂર ગોળવાલાના હસ્તે પૂજા સંપન્ન કરાઈ હતી. સોસાયટીના તમામ ડિરેક્ટરો તેમજ ઉદ્યોગ આગેવાનોએ વિધિમાં હાજરી આપી હતી.

સોસાયટીના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, આ નવી કચેરી કોઈ એક પેનલની નહીં પરંતુ ભવિષ્યમાં આવનારી તમામ પેનલો અને 2250થી વધુ પ્લોટ હોલ્ડર ઉદ્યોગકારોના સહયોગથી નિર્માણ પામી રહી છે. તેથી શાંતિ ઓમના કાર્યક્રમમાં વિરોધ પક્ષને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જોકે વિરોધ પક્ષ કાર્યક્રમમાં હાજર રહ્યો નહોતો. પૂજા અર્ચના બાદ ઉપસ્થિત મહેમાનો માટે પ્રીતિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવી ઓફિસ બિલ્ડીંગમાં પ્રમુખ કિશોરભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને પ્રથમ કારોબારી બેઠક પણ યોજાઈ હતી, જેમાં વિકાસલક્ષી મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. હાલ ઈમારતનું બાંધકામ તેમજ ફર્નીચરનું કામ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે અને આવનારી દિવાળીની આસપાસ સોસાયટીની તમામ કામગીરી નવી ઓફિસમાંથી શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# હાડકા-સાંધા-મણકાની તકલીફોમાંથી મુક્ત કરાવતું ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક

**26** વર્ષથી સુરતીઓને આયુર્વેદિક સારવારથી ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક સાજા કરી રહ્યું છે

સુરતઃ હાડકા-સાંધાઓ-મણકાઓની તકલીફોના કારણે દુઃખાવા સોજા અને જકડાહટથી પરેશાન થયેલા દર્દીઓને શુધ્ધ આયુર્વેદિક આડઅસર રહિત, ઓપરેશન કર્યા વગર, ઘરે રહીને, પોતાનું રોજીંદુ કામકાજ કરતાં-કરતાં સારવાર લઈ શકાય એવા ઉમદા આશયથી સુરતમાં ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિકની સ્થાપના કરવામાં આવી હતી. છેલ્લા ૨૬ વર્ષમાં સુરત સેન્ટરમાં સાંધા-સ્નાયુઓની અનેક પ્રકારની તકલીફો, વૃધ્ધાવસ્થા, અકસ્માત કે પડી જવાના કારણે થતી ઈજાઓથી થતાં સંધિવાત (OSTEOARTHRITIS) કે રકતવિકૃતિ, વારસાગત કારણો અથવા નબળી થએલી રોગપ્રતિકારક શકિત ના કારણે થતાં આમવાત, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલબો, કાર્ટિલેજ ડેમેજ, લિગામેન્ટ ટિઅર, ડીજનરેટિવ ડિસિસ જેવા કે હીપ જાઈન્ટ નેફ્રોસીસ (AVN), મસ્કુલર ડીસ્ટ્રોફી, એન્કાઈલોઝીંગ સ્પોન્ડીલોસીસ વ જેવી તકલીફોમાં દર્દીને સંપૂર્ણ રીતે સાજા કરવામાં આવ્યા છે.

નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરીને દર્દીને આપાએલી ચોકકસ મુદતમા સંપૂર્ણ સારા કરવામાં આવે છે. ત્યારપછી જમીન પર પલાંઠી વાળીને બેસી શકે છે, ઉભડક બેસી શકે છે, દાદરા આરામથી ચડ-ઉતર કરી શકે છે. પોતાનું દરેક કામ પોતે જાતે કરી શકે છે સારવાર પત્યા પછી દર્દી લાંબા સમય સુધી આનંદથી દર્દરહિતપણે જીંદગી જીવી શકે છે. ટેબ કિલનીક્સ હમેશા દર્દીને પ્રોત્સાહિત કરે છે કે સારવાર પત્યા પછી તે X-Ray કે MRI કરાવે જેથી તે જોઈ શકે કે માત્ર દુઃખાવો જતો રહયો છે તેવું નથી પણ સાંધાઓ અંદરથી પૂર્ણરૂપથી Repair અને Regenerate થઈ ગયા છે તથા સાંધાઓની વચ્ચેનું પ્રવાહી કુદરતી રીતે બનવાનું ચાલુ થએલ છે.

ટેબ કિલનીક્સ આખુ અઠવાડિયું અર્થાત મહિનાના બધાજ રવિવારે પણ સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી ચાલુ હોય છે. અમારુ ધ્યેય દર્દીઓની આતિથ્ય સાથે સેવા કરવાનું છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### તરૂણની હત્યા...

રાત્રે નવ વાગ્યે રાહુલ જોગી નામનો રીઢો ગુનેગાર ત્યાં પહોંચ્યો હતો અને અનુરાગને ગાળો ભાંડવા લાગ્યો હતો. અનુરાગે ના પાડી તો કમરે લટકાવેલા ચપ્પુ વડે હુમલો કર્યો હતો. છાતીના ભાગે બે ઊંડા ઘા ઝીંકી દીધા હતા. જેથી લોહીથી લથબથ હાલતમાં અનુરાગને પહેલા નજીકની પારસ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા પરંતુ ત્યાં તાત્કાલિક સારવાર કરવાના બદલે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાનું કહ્યું હતું. સ્મીમેર હોસ્પિટલમાં પહોંચ્યા ત્યાં સારવાર મળે તે પૂર્વે જ અનુરાગનું મોત થયું હતું. જેથી આ ગુનો હત્યામાં પરિણમ્યો હતો.

હત્યાની જાણ થતાં જ લિંબાયતના પીઆઈએ અલગ અલગ ટીમો બનાવી રીઢા આરોપી રાહુલ જોગીને પકડી પાડવાની કામગીરી હાથ ધરી હતી. વહેલી સવારે પોણા પાંચ વાગ્યે પોલીસને એવી બાતમી સાંપડી હતી કે રાહુલ સંજયનાથ જોગી (રહેઃગણેશનગર-2, ગોડાદરા નહેર, લિંબાયત) મીઠી ખાડી, આંબેડકરનગર, પાણીની ટાંકી પાસે આંટાફેરા કરી રહ્યો છે. જેથી પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. જ્યાં પોલીસ કોન્સ્ટેબલ મુકેશ રવીન્દ્રએ તેને અંધારમાં શોધી કાઢ્યો હતો. પોલીસ હોવાની જાણ થતાં જ રાહુલે કોન્સ્ટેબલ મુકેશ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. જેમાં કોન્સ્ટેબલને ડાબા ખંભા પર ગંભીર ઈજા થઈ હતી. આ વખતે ત્યાં હાજર લિંબાયતના પોલીસ ઈન્સ્પેક્ટર દીપેન્દ્રસિંહ દાનસિંહ ચૌહાણે પોલીસની ઓળખ આપી રાહુલને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આમ છતાં તે ડર્યો પણ નહીં અને હુમલો કરતા રોકાયો પણ નહીં જેથી તેને ડરાવવા પીઆઈ ડી.ડી. ચૌહાણે એક રાઉન્ડ હવામાં ગોળીબાર કર્યો હતો. આમ છતાં પણ તે ડર્યો નહીં આખરે પીઆઈએ પોતાની સર્વીસ પિસ્તોલમાંથી એક રાઉન્ડ ફાયરિંગ કરી રાહુલ જોગીના જમણા પગમાં ગોળી મારી તેને પકડી લીધો હતો.

### વડાપ્રધાનની અપીલને...

અને કામદારો જોડાયેલા છે. સોનાની ડિઝાઈનિંગ, કાસ્ટિંગ, પોલિશિંગ, સ્ટોન સેટિંગ અને હેન્ડમેઇડ જ્વેલરી જેવા અનેક ક્ષેત્રોમાં હજારો પરિવારોની રોજીરોટી આ ઉદ્યોગ પર નિર્ભર છે. જ્વેલર્સનું કહેવું છે કે ભારતીય સંસ્કૃતિમાં જન્મથી લઈને લગ્ન અને મૃત્યુ સુધીના દરેક પ્રસંગમાં સોનાનું વિશેષ મહત્વ રહ્યું છે. આવા સમયમાં જો બજારમાં માંગ ઘટશે તો સૌથી વધુ અસર કારીગર વર્ગ પર પડશે. રોજિંદા ધંધા પર આધારિત હજારો કામદારો માટે રોજગારનું સંકટ ઊભું થઈ શકે છે.

### જેમ્સ એન્ડ જ્વેલરી...

આશરે 50 લાખ કામદારો, કારીગરો અને નાના વેપારીઓના જીવનનિર્વાહ સાથે સીધો સંબંધ ધરાવે છે. આવી પરિસ્થિતિમાં ઉદ્યોગની જવાબદારી માત્ર વ્યવસાય સુધી મર્યાદિત નથી, પરંતુ લાખો પરિવારોના જીવન અને રોજગારનું સંરક્ષણ કરવું પણ એટલું જ જરૂરી છે.

### 16 વર્ષમાં ત્રીજી...

કરીને વર્ષ 2023 અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ રહ્યું છે, જ્યારે 2026 હવે બીજા ક્રમે આવી ગયું છે.

### 2025 પછી એકાએક ઉછાળો, બે વર્ષનો રેકોર્ડ તૂટ્યો

વર્ષ 2025માં મહત્તમ તાપમાન માત્ર 38.6 ડિગ્રી નોંધાયું હતું, જે છેલ્લા ઘણા વર્ષોની સરખામણીએ ઓછું હતું. પરંતુ માત્ર એક જ વર્ષમાં 2026 દરમિયાન તાપમાનમાં 3.6 ડિગ્રીનો વધારો નોંધાયો છે. આ વધારો સામાન્ય ગણાવી શકાય તેમ નથી. હવામાન નિષ્ણાતોના મતે આ બદલાવ પાછળ ગ્લોબલ વોર્મિંગ, વધતું પ્રદૂષણ અને શહેરીકરણ મુખ્ય કારણ બની રહ્યા છે.

### કંડલા એરપોર્ટ...

છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ કહયું હતું કે આગામી ચાર દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, ત્યારબાદ 2 થી 4 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

બીજી તરફ, 20 મે બાદ બંગાળની ખાડી અને આંદામાન-નિકોબાર વિસ્તારમાં ચોમાસાના આગમન માટે અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી હોવાનું પણ હવામાન નિષ્ણાતોએ જણાવ્યું છે.

ગરમીના આ પ્રકોપ વચ્ચે રાહતના સમાચાર એ છે કે ચોમાસું બેસવા માટેની સ્થિતિ સાનુકૂળ બની રહી છે. બંગાળની ખાડી અને આંદામાન-નિકોબાર ટાપુઓ પર ૨૦ થી ૩૦ મે દરમિયાન ચોમાસું દસ્તક આપી શકે છે. વિવિધ વેધર મોડેલ્સના આંકલન મુજબ , મે મહિનાના અંત સુધીમાં અરબી સમુદ્રમાં ચોમાસાનું પરિભ્રમણ સ્થિર થશે, જે સૂચવે છે કે આ વર્ષે ચોમાસું સમયસર શરૂ થઈ શકે છે.

### GSTના DGGIની...

ધુમાડો પણ આખી ઓફિસમાં પ્રસરી ગયો હતો. ઘટનાને પગલે ઓફિસમા હાજર કર્મચારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા વેસુ,ભીમરાડ, રૂઢ મજુરા ફાયર સ્ટેશનોનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.બનાવ અંગે ફાયર સબ ઓફિસર રોહિત ખલાસીએ જણાવ્યું હતું કે, ઓફિસ ખુલે તે પહેલાં સાફ સફાઈની કામગીરી ચાલી રહી હતી ત્યારે ઓફિસમાં હાજર કર્મચારીઓમાં માત્ર પટાવાળાઓ સ્ટાફ હાજર હતો, જોકે તેઓ સમયસર બહાર નીકળી ગયા હતા. બાદમાં ફાયર કંટ્રોલને આગ અંગેની જાણ કરાઈ હતી. ધુમાડો વધુ પ્રમાંણમાં હોવાને કારણે સ્ટોર રૂમમાં પ્રવેશવા માટે ફાયર ફાઈટરોએ મોઢે બીએસએફ માસ્ક પહેરીને પ્રવેશ કર્યો હતો. આગને કારણે રેકોર્ડ રૂમમાં રાખેલી અગત્યની ફાઈલો તથા મહત્વનાં દસ્તાવેજી પુરાવાઓ બળીને ખાખ થઈ હતા. અન્ય પુરાવાઓને પણ પાણીથી નુકશાન પહોચ્યુ હતુ. જો કે આગ લાગવાનુ કોઈ ચોક્કસ કારણ સપાટી ઉપર આવ્યુ ન હતુ. દોઢથી બે કલાકની ભારે જહેમતે આગ સંપુર્ણ કાબુમાં આવી ગઈ હતી બાદમાં કુલીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### જીએસટીની ઓફિસમાં જ ફાયર સેફ્ટી નથી

ફાયર ઓફિસર રોહીત ખલાસીએ જણાવ્યું હતું કે, જીએસટી ડિપાર્ટમેન્ટનાં સ્ટોર રૂમમાં જ્યાં અગત્યનાં દસ્તાવેજી પુરાવાઓ રાખવામાં આવતા હોય છે, ત્યાં ફાયર સેફ્ટીનો અભાવ હતો. બિલ્ડિંગમાં ફાયર સેફ્ટી સિસ્ટમ હતી. બિલ્ડીંગ પાસેની આગને બુઝાવવા માટેની બોટલો હતી. જેનો ઉપયોગ ફાયર બ્રિગેડ પહોંચે એ પહેલાં કરવામાં આવ્યો હતો. પરંતુ નિરર્થક રહ્યો હતો. પરંતું આ અતિ મહત્વનાં રેકર્ડ રુમમાં કોઈ જ ફાયર સેફ્ટીની સુવિધા નજરે પડી ન હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ પણ જાણવા મળ્યું નથી. સ્ટોર રૂમમાં વાયરિંગ બળી ગયા હતા. બનાવ અંગે આગળની તપાસ એફએસએલને સોપાઈ હોવાનું પણ ફાયર સબ ઓફિસરે જણાવ્યું છે.

### આગમાં છેલ્લા...

એમ કહેવાય છે કે જુના જીએસટી વખતની ફાઈલો પણ આ રુમમાં હતી. જાણકાર સુત્રોનાં જણાવ્યાં મુજબ વર્ષ દરમિયાન જીએસટી અંગે જે કોઈ કરદાતા સામે કરાયેલી સર્ચ-સર્વેની તપાસનાં દસ્તાવેજોને નિયમ મુજબ પાંચ વર્ષ સુધી સાચવવાનાં હોય છે. આ રેકોર્ડ રૂમમાં ૨૦૧૭થી કરાયેલી તપાસની થોકબંધ દસ્તાવેજની ફાઈલો હતી. તેમજ જુના જીએસટી વખતનાં રેકર્ડનાં દસ્તાવેજો પણ હતા. સામાન્ય રીતે દરેક કેસમાં બે હજારથી લઈને પાંચ હજાર સુધીનાં તપાસ કાગળિયાંની ફાઈલ બનતી હોય છે. જે તમામ ફાઈલો આ રેકર્ડ રુમમાં મુકવામાં આવે છે. મોટા ભાગની ફાઈલો આજે લાગેલી આગમાં સ્વાહા થઈ ગઈ હતી. બીજી તરફ ડીજીજીઆઈએ 'સબ સલામત હૈ'ની પીપુડી વગાડી હતી. ડીજીજીઆઈએ નામ નહીં લખવાની શરતે જણાવ્યું હતુ કે હાલમાં મહત્ત્વનાં કેસોની ફાઈલો અલગ રેકર્ડ રુમમાં મુકવામાં આવી છે. જે એકદમ સુરક્ષિત હોવાનો દાવા સાથે તાજેતરનાં કોર્ટ કેસને લગતી તમામ ફાઈલોને કોમ્પ્યુટર રાઈઝ કરવામાં આવતું હોય છે. જે રેકર્ડ રુમમાં આગ લાગી હતી એમાં વર્ષો પહેલાંની ફાઈલો છે.

### સાંકડી કેબિન...

કેબિન બનાવવામાં આવી છે. અંદાજે ૬ હજારથી વધુ સ્કેવર ફિટમા બનાવેલી આ કેબિનોએ વિસ્તારને ખુબ જ સાંકળો બનાવી દીધો છે. તેમજ એકઝિટ અને એન્ટ્રી એક જ છે. નસીબ જોગે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું ન હતું. નહિતર આ બિલ્ડિંગમાં મહત્વની બેન્કો આવેલી છે. સુરત ડિસ્ટીકટ બેન્ક સહિત કેનેરા બેન્ક, એકસીસ બેન્ક આઈડીએફસી સહિત બેન્કોનુ લોન સેન્ટર છે. જ્યાં કરોડો રૂપિયાની લોન માટેના મિલ્કત સહિતના દસ્તાવેજો આવતાં હોય છે.